અછત અંગેની મંત્રીમંડળની પેટા સમિતિની તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ બપોરે ૧:૩૦ કલાકે, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ :-

માન. મંત્રીશ્રી (મહેસૂલ)ના અધ્યક્ષસ્થાને, મંત્રીમંડળની પેટાસમિતિની બેઠક તા.૦૬/૧૨/૨૦૧૮ના રોજ બપોરે ૧:૩૦ કલાકે મળેલ હતી. જેમાં નીચે મુજબના માન.મંત્રીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

| |
|---|
| • માન. મંત્રીશ્રી, પાણી પુરવઠા. |
| • માન. મત્રીશ્રી, શ્રમ અને રોજગારના અધિક અંગત સચિવશ્રી |
| • અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. |
| • અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ. |
| • અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના પ્રતિનિધિ F.A.(R B) |
| • અગ્ર સચિવશ્રી (ઉર્જા), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના પ્રતિનિધિ |
| • કમિશનર અને અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસના પ્રતિનિધિ |
| • રાહત નિયામક અને અધિક સચિવશ્રી, મહેસૂલ વિભાગ. |
| • અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી. |
| • સચિવશ્રી (સિંચાઈ) નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગના પ્રતિનિધિ |
| • સચિવશ્રી(પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ અને સહકાર) કૃષિ અને સહકાર વિભાગના પ્રતિનિધિ |
| • કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાના પ્રતિનિધિ |
| • સચિવશ્રી, (કાયદો અને વ્યવસ્થા) ગૃહ વિભાગના પ્રતિનિધિ |
| • મેનેજિંગ ડીરેક્ટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમના પ્રતિનિધિ. |
| • સભ્ય સચિવશ્રી (પાણી પુરવઠા બોર્ડ) |
| • અધિક સચિવશ્રી, (પાણી પુરવઠા) |
| • નિયામકશ્રી પશુપાલન |
| • રાહત નિયામક અને નાયબ સચિવશ્રી, મહેસૂલ વિભાગ. |

બેઠકમાં હાજર રહેલ સર્વેને આવકારી, માન. અધ્યક્ષશ્રીની અનુમતિથી, રાહત નિયામક અને અધિક સચિવશ્રીએ બેઠકની કાર્યવાહી શરૂ કરી. બેઠકમાં નીચે મૂજબની બાબતો સંબંધે ચર્ચા/નિર્ણયો કરવામાં આવ્યા.

એજન્ડા આઇટમ નં-૧

(૧) ગત બેઠકની કાર્યવાહી નોંધને વંચાણે લઇ બહાલી આપવામાં આવી.